RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૫

જાન્યુઆરી - ૨૦૧૬


કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર


# શ્રી રઘુકુળ વિશ્વ





# માતૃસંસ્થાની અટારીએથી...

## મહત્વાકાંક્ષી આયોજનોની દિશામાં આગેકદમ...



પરમપ્રિય જ્ઞાતિબંધુ – ભગિનીઓ,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

ડિસેમ્બર મહિનો રઘુવંશી લોહાણા સમાજ માટે અનેક પ્રકારે વિજયનો અને અનન્ય સિધ્ધિઓનો મહિનો બની રહ્યો. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાપાલિકા, પાલિકા અને જિલ્લા – તાલુકા પંચાયતોમાં આપણા સમાજના લોકો વિવિધ રાજકીય પક્ષોના માધ્યમથી ચૂંટાઈ આવ્યા છે. આ તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને હું આપણા સૌના વતી હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. તેમાંના અનેક લોકો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર નિયુક્તિ પામ્યા છે. એ બધા પણ આપણા વિશેષ અભિનંદનના અધિકારી છે. આપણા સમાજના આ અગ્રણીઓને વિજયી બનાવી જાહેર જીવનમાં આગળ ધપાવવામાં પ્રત્યેક નગર – ગ્રામમાં વસતા આપણા જ્ઞાતિજનોના પ્રદાન અને સહયોગ ઉપરાંત સ્થાનિક નગરજનોના તમામ વર્ગોનો સહયોગ પ્રાપ્ત થયો હોય એ સ્વાભાવિક છે. અન્ય વર્ગો અને સમુદાયોનો આવો સહયોગ મળવો એ રઘુવંશી સમાજના અગ્રણીઓની પ્રતિષ્ઠા અને વિશ્વસનિયતાને દર્શાવે છે. રઘુવંશી સમાજના આ તમામ ચૂંટાયેલા અને વિવિધ હોદ્દાઓ પર બિરાજમાન થયેલા અગ્રણીઓ તેમને મળેલી સમાજ સેવાની આ અમૂલ્ય તકનો સદુપયોગ કરીને સર્વજન હિતાયના ઉમદા કાર્યો દ્વારા ઉજ્જવળ પરંપરા સ્થાપિત કરી જાહેર જીવનના ઉચ્ચ શિખરો સર કરે અને આપણા રઘુવંશી સમાજના અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની રહે એવી અપેક્ષા સાથે ફરી શુભેચ્છા પાઠવું છું.

શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયે વિવિધ મહાનુભાવોની મુલાકાતનો સિલસિલો ડિસેમ્બર માસમાં પણ ચાલુ રહ્યો. આ મહિને પૂ. મોરારીબાપુ અને હિન્દી ફિલ્મજગતના વિતેલા વર્ષોના ખ્યાતનામઅભિનેતા જિતેન્દ્ર શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાતે આવી ગયા. સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાતે આવે તેનું એક વિશેષ મહત્ત્વ છે. પોતાની કલા અને કર્તૃત્વને કારણે સમાજમાં એક આગવું સ્થાન–માન પ્રાપ્ત કરનારા આ મહાનુભાવો શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયે આવે એટલે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમાજ માટે ચાલી રહેલી વિવિધ પ્રકારની સેવા અને ઉત્કર્ષની પ્રવૃત્તિઓથી તેઓ માહિતગાર થાય છે. સંસ્થાના હોદ્દેદારોના પરિચય ઉપરાંત નિ:સ્વાર્થ ભાવથી ચાલતી આ પ્રવૃત્તિઓ તેમના મનમાં અમીટ છાપ અંકિત કરે છે. તેમની સાથેની ચર્ચામાં માહિતીનું આદાન–પ્રદાન પણ થાય છે. કોઈ ખાસ પ્રવૃત્તિમાં તેમને રસ–રૂચિ હોય તો તેમાં તેમનું સમર્થન અને સહયોગ મેળવવાના માર્ગ ખૂલે છે. આ મુલાકાતથી તેમના માનસપટ પર આપણા રઘુવંશી સમાજની જે છબિ અંકિત થાય છે તેને કારણે ત્યાર પછીથી દેશ અને દુનિયામાં તેમના વિચરણ દરમિયાન આપણી જ્ઞાતિના લોકોના સંપર્કમાં આવવાનું થાય ત્યારે તુરત જ તેમને સંસ્થાની હેડ ઓફિસની મુલાકાત અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની યાદ તાજી થશે. એથી તેમની સાથે કોઈ પણ સ્થળે જ્ઞાતિબંધુઓને પરિચય અને સંબંધ કેળવવાનું સરળ બને છે. આપણી જ્ઞાતિ અને સંસ્થા સંગઠન વિશેનું સકારાત્મક ચિંતન તેમને વહેલા મોડા આપણી સાથે સમાજકાર્યમાં કોઈ ને કોઈ પ્રકારનું યોગદાન આપવા પ્રેરે છે. માતૃસંસ્થાની હેડ ઓફિસની મુલાકાત દ્વારા તેમના મનમાં સમાજની પ્રવૃત્તિઓ વિશે રોપાયેલાં બિજ ક્યારેક તો અંકુરિત થાય જ છે અને તેના ફળ રઘુવંશી સમાજને અવશ્ય મળે છે. આવા એક ઉમદા વિચાર સાથે આપણે માતૃસંસ્થાની હેડઓફિસે મહાનુભાવોનો આદર–સત્કાર કરીએ છીએ.

ઇસવીસનના ૨૦૧૬ના વર્ષનો આરંભ થઈ ચૂક્યો છે આપ સૌને નવ વર્ષની હાર્દિક શુભેચ્છા સાથે આ વર્ષના આરંભ સાથે શ્રી લોહાણા મહાપરિષદના અનેકવિધ કાર્યો અને મહત્વાકાંક્ષી યોજનાઓને આગળ ધપાવવાની પ્રવૃત્તિને ઝડપી બનાવાઈ રહી છે. ખાસ કરીને આગામી ફેબ્રુઆરી માસમાં કમીજલા ખાતે પૂ. ભાણસાહેબની સ્મૃતિમાં યોજાઈ રહેલી પૂ. મોરારીબાપુની રામકથા દરમિયાન ૧૪ ફેબ્રુઆરીના રોજ આયોજિત રઘુવંશી લોહાણા સમાજના વિરાટ મહાસંમેલનની તૈયારીઓને આખરી અપાઈ રહ્યો છે. આ સંમેલન માટે જ્ઞાતિમાં જોવા મળી રહેલો ઉત્સાહ અને પ્રતિસાદ અત્યંત પ્રેરક છે. આપ સૌ જ્ઞાતિજનોને આ આંતરરાષ્ટ્રીય મહાસંમેલનમાં ખાસ પધારવા આગ્રહપૂર્વકનું આમંત્રણ પાઠવું છું. જ્ઞાતિ સંગઠનની વિરાટ શક્તિના સાક્ષાત્કારના આ મહાપર્વનો લાભ સૌએ અવશ્ય લેવો જ જોઈએ.

આપ સૌનો શુભાકાંક્ષી

**પ્રવિણ ટી. કોટક**

**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫
જાન્યુઆરી - ૨૦૧૬
અંક : ૫૦
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરૂણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (રાયપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૦૮

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓનો વર્કશોપ ........ ૫
યુવા સમિતિનો પરિસંવાદ ........ ૮
મહિલા સમિતિના અધ્યક્ષાશ્રીઓનો પરિસંવાદ ........ ૯
થેલેસેમિયા સમિતિ ........ ૧૦
રમતગમત સમિતિ/લગ્નવિષયક સમિતિ ........ ૧૧
કાર્યાલય સમાચાર ........ ૧૨
સંસ્થા સમાચાર ........ ૧૩
આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન ........ ૧૪
સરાહનીય..... અભિનંદન ........ ૧૫
જાહેરાત ........ ૧૬




# શ્રદ્ધાંજલિ

## કોટી કોટી વંદન....



**રઘુવંશનું ગૌરવ અને સ્વામીનારાયણ સંપ્રદાયના શિરમોર સંત સદ્‌ગુરૂ ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજીની તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ચિરવિદાય.**

સદ્‌ગુરૂ ધ્યાની સ્વામી સંતત્વનું સાતત્ય સહજ રીતે જાળવી ધ્યાનસ્થ અને આત્મસ્થ થયેલા છે તેમના દેહ અને દર્દનો ક્ષય થયો અને દિવ્તયાનો ઉદય થયો છે. સદ્‌ગુરૂ ધ્યાની સ્વામીએ સાચા અર્થમાં તપસ્વી જીવન જીવી હજારો સત્સંગીઓ માટે ઉર્જાનું કિરણ આપીને ગયા છે. અમદાવાદ પાસે આવેલા કણભા સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે પૂ. ધ્યાની સ્વામીની અંતિમયાત્રામાં સેંકડો સંતો, હજારો સત્સંગીઓ અને મોટી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનો તથા રાજનેતાઓ જોડાયા હતા. પૂ. ધ્યાની સ્વામીના દેહાંતથી સમગ્ર સત્સંગ સમાજને એક મોટી ખોટ પડી છે. જે તો એક સાચો સત્સંગી જ સમજી શકે. રઘુવંશની ગૌરવગાથાના ઇતિહાસમાં પૂ. ધ્યાની સ્વામી પણ સુવર્ણ અક્ષરે અંકિત થયા છે અને પૂ. સ્વામીશ્રીનું જીવન અને કવન સૌ સત્સંગીઓ માટે હરહંમેશ કલ્યાણકારી રહેશે તેવી શુભ ભાવના સાથે સમગ્ર લોહાણા મહાપરિષદના પૂ. ધ્યાની સ્વામીના ચરણોમાં કોટી કોટી વંદન...

# ‘રઘુકુળ વિશ્વ’ એક વિચાર છે, પ્રત્યેક રઘુવંશી લોહાણા સુધી તેને પહોંચાડીએ....

‘રઘુકુળ વિશ્વ’નો ૨૦૧૬ના વર્ષનો પ્રથમઅંક આપના હાથમાં છે. આ નવ વર્ષમાં શ્રી લોહાણા મહાપરિષદની પ્રવૃત્તિ અને સંગઠનના વિસ્તારની સાથે ‘રઘુકુળ વિશ્વ’ના પ્રસારની મહત્વાકાંક્ષી યોજના આગળ ધપી રહી છે. માતૃસંસ્થાના વિકાસની સાથે માતૃસંસ્થાના મુખપત્રનો વિકાસ પણ સ્વાભાવિક રીતે થવો જોઈએ. માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ ઝડપભેર આગળ વધી રહી છે ત્યારે ‘રઘુકુળ વિશ્વ’નો વિકાસ પણ વેગ પકડે એવા પ્રયાસ થઈ રહ્યા છે તેને માટે વિશેષ પ્રયત્નો હાથ ધરાઈ રહ્યા છે. ‘રઘુકુળ વિશ્વ’એ માતૃસંસ્થાનો વિચાર છે જ્યાં જ્યાં શ્રી લોહાણા મહાપરિષદ ત્યાં ત્યાં રઘુકુળ વિશ્વ અને જ્યાં જ્યાં રઘુવંશી લોહાણા પરિવાર અને સમાજ ત્યાં ત્યાં શ્રી લોહાણા મહાપરિષદ. એ રીતે જ્યાં જ્યાં રઘુવંશી લોહાણા પરિવાર અને સમાજ વસે છે ત્યાં ત્યાં રઘુકુળ વિશ્વ પહોંચવું જોઈએ. ૨૦૧૬ના વર્ષમાં રઘુકુળ વિશ્વના આજીવન સભ્યોની સંખ્યાને પચીસ હજાર સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. આ એક વર્ષમાં આટલું કરવાનું છે. આગામી ચાર વર્ષ દરમિયાન રઘુકુળ વિશ્વને એક લાખની પ્રસાર સંખ્યા સુધી પહોંચાડવું હોય તો આ લક્ષ્યાંક સાથે કામ કરવું જોઈએ. રઘુવંશી લોહાણા સમાજના પરિવારોની સંખ્યાના પ્રમાણમાં આ આંકડો મોટો નથી. શ્રી લોહાણા મહાપરિષદના વિચારને પ્રત્યેક રઘુવંશી પરિવારમાં પહોંચાડવા માટે રઘુકુળ વિશ્વને પ્રત્યેક પરિવારમાં પહોંચાડવું આવશ્યક અને અનિવાર્ય પણ છે. રઘુકુળ વિશ્વ રઘુવંશી લોહાણા સમાજના સંગઠનના વિચારનું વાહક છે. આપણા સમાજના મજબુત સંગઠનના નિર્માણની અતિ આવશ્યકતા છે. તેને મજબુતી આપવાની જરૂર છે. સંગઠનના અભાવ અથવા સંગઠનમાં ક્ષતિઓને કારણે સમાજની શક્તિ વેડફાય છે તેનો પ્રાદુર્ભાવ થતો નથી અને રઘુવંશી લોહાણા પરિવારોને, સમાજની નવી પેઢીને આ શક્તિનો સાક્ષાત્કાર કે તેનો અહેસાસ થતો નથી. આપણા સમાજની અનેક સમસ્યાઓ તો માત્ર સમાજના સંગઠન દ્વારા જ ઉકેલાઈ જાય એવી સંભાવનાઓ છે. આવી સંભાવનાને સાકાર કરવામાં આપણા થોડા પ્રયાસ, સમયના થોડા સમર્પણ, થોડી કર્તવ્યનિષ્ઠા, સમાજ પ્રત્યેના ઋણને અદા કરવાની ભાવના, થોડી પ્રતિબદ્ધતા અને નિર્ણયશક્તિની આવશ્યકતા છે. આ કાર્ય આપણે વ્યક્તિગત રીતે અને સામુહિક રીતે કરી શકીએ. એક જાગૃત રઘુવંશી લોહાણા વડીલ અને યુવાન અન્યોને જાગૃત કરી શકે છે, બીજાને પ્રેરિત અને સક્રિય કરી શકે છે. સંગઠન માટે આવશ્યક હોય છે ઉદાર દૃષ્ટિકોણ, વિશાળ હૃદય અને સૌને સાથે લઈને ચાલવાની વૃત્તિ. થોડી નિ:સ્વાર્થ ભાવના. જ્ઞાતિબંધુને માટે થોડું જતું કરવાનો સ્વભાવ. જ્ઞાતિબંધુના ઉત્કર્ષનું લક્ષ્ય. આ બધા ગુણ–લક્ષણો આપણે જાતે કેળવવા પડે છે. એ કેળવવાનો એક જ માર્ગ છે – રઘુવંશી લોહાણા હોવાનું આત્મગૌરવ, આત્મસન્માન. રઘુવંશી લોહાણા સમાજની અસ્મિતાને જાળવવાની અને તેને સુદૃઢ બનાવવાની ઝંખના. તેને માટે આવશ્યક બની રહે છે રઘુવંશી લોહાણા સમાજના ઇતિહાસ અને પરંપરાની જાણકારી, તેનો અભ્યાસ, તેને વિશેનું ચિંતન. સમાજના શ્રેષ્ઠ નર અન નારી રત્નોનો પરિચય, સંતો અને વીર પુરુષોના જીવન–કવનની જાણકારી, વર્તમાન સમયમાં સમાજ માટે કાર્ય કરી રહેલા અસંખ્ય શ્રેષ્ઠીઓ, મહાજનો, યુવાનો વિશેની માહિતી, રઘુવંશી લોહાણા સમાજનું ગૌરવ–ગીતનું શ્રવણ અને રટણ. વ્યક્તિ અને પરિવારથી ઉપર ઉઠીને સમાજબાંધવો વિશે વિચાર કરવાની વૃત્તિ કેળવવાથી આ બધું સહજ રીતે શક્ય બને તેમછે. નકારાત્મક વિચારને છોડીને સકારાત્મક વિચાર અપનાવવાથી એ સાધ્ય બને છે. સાધ્ય સ્પષ્ટ હોય તો સિદ્ધિ દૂર નથી રહેતું. આટલું કરવાની દિશામાં માત્ર એક બે કદમ આગળ વધારવાથી જ સ્વયં આપણા વિકાસનો માર્ગ પણ મોકળો બને છે એવી પ્રતીતિ થયા વિના નહીં રહે.



તરુણ દત્તાણી
તંત્રી

# સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓનો વર્કશોપ / પરિસંવાદ તા. ૭ ડિસેમ્બર, ૨૦૧૫, ધર્મદેવ હાઉસ - અમદાવાદ

શ્રી લોહાણા મહાપરિષદના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓની મિટિંગ ધર્મદેવ હાઉસ, અમદાવાદ ખાતે તા. ૭ ડિસેમ્બર, ૨૦૧૫ ને રવિવારના રોજ યોજાઈ ગઈ. નિર્ધારિત સમય પર ૧૦.૧૫ કલાકે અલ્પાહાર તથા રજિસ્ટ્રેશન બાદ રઘુવંશી ધ્વજવંદન ગીતથી મિટિંગની શરૂઆત થઈ. સૌ પ્રથમ પધારેલ તમામ હોદ્દેદારોએ પોતાનો પરિચય આપી સૌ સાથે આત્મીયતા કેળવવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ આ દિવસના કાર્યક્રમના યજમાન અને શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું અને પધારેલા તમામ હોદ્દેદારોને બિરદાવ્યા. તા. ૨૮-૧૧-૨૦૧૫ના રોજ હોટલ નેમી રેસિડેન્સી ખાતે યોજાયેલ વર્કશોપ અંગેના આયોજનને અભૂતપૂર્વ ગણાવી સર્વે હોદ્દેદારો ચોક્કસ કાર્યો પૂર્ણ કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે શ્રી લોહાણા મહાપરિષદની સશક્ત ટીમ માર્ગદર્શિકા પ્રમાણે કાર્યરત થાય તે માટે સતત પ્રયત્નશીલ રહીએ. શ્રી પ્રવિણભાઈએ જણાવ્યું હતું કે, દરેક સમિતિના અધ્યક્ષો પોતાની સુંદર ટીમ બનાવી કોઈ ચોક્કસ હેતુ અને ઉદ્દેશને સાર્થક કરવા માટે  સંપૂર્ણ નિષ્ઠાથી કાર્યરત બને અને તે ઉદ્દેશને પાર પાડવા માટે જે પણ કંઈ જરૂરિયાત ઊભી થાય તે માટે પોતાની જાતે યોગ્ય વ્યવસ્થા કરી કાર્યને અટકવા ન દે.

ત્યારબાદ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી પિયુષભાઈ ગંઠાએ રજૂઆતો કરી હતી અને સમિતિ અધ્યક્ષોને ૩૧ સભ્યોની ટીમ બનાવવા અપીલ કરી હતી. કોઈપણ પ્રોજેક્ટ અંગે સંપૂર્ણ રજૂઆત તથા રોડમેપ તૈયાર કરી ૩૧ સભ્યોની ટીમને સાથે રાખી આયોજન કરવા માર્ગદર્શન અપાયું હતું. શ્રી હિમાંશુભાઈએ દરેક સમિતિ અધ્યક્ષોને બે વર્ષે એકવાર અથવા તો ટર્મ દરમિયાન ત્રણ વખત રાષ્ટ્રીય કક્ષાની મિટિંગ આગોતરા આયોજન સાથે બોલાવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, દરેક વિભાગના ઉપાધ્યક્ષો પોતાના વિભાગની ટીમની મિટિંગ જરૂરિયાત પ્રમાણે જે તે સમિતિ અધ્યક્ષની મંજૂરી લઈ તેમની ઉપસ્થિતિમાં મિટિંગોનું આયોજન કરે તે પણ ઇચ્છનીય છે. આ ઉપરાંત બંને મંત્રીશ્રીઓએ શ્રી રઘુકુળ વિશ્વ, થેલેસેમિયા નાબૂદી અભિયાન, ફેબ્રુઆરી માસમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન તથા એપ્રિલ માસમાં યોજાનાર કારોબારી સમિતિની મિટિંગ અંગે માહિતી આપી હતી.



ત્યારબાદ શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ એજ્યુકેશન સ્કોલરશીપ, શિક્ષણ અંગે અન્ય રજૂઆતો કરી હતી અને શ્રી લોહાણા મહાપરિષદ માટે વધુ પ્રોફેશનલ્સ માણસો રાખવાની પણ રજૂઆત કરી હતી.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ. નંદલાલ માનસત્તાએ સાવરકુંડલા ખાતે નિર્માણ પામી રહેલ અત્યાધુનિક હોસ્પિટલની સેવાઓ અંગે સૌને સુંદર પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા અને જણાવ્યું હતું કે, ''સેવાના કાર્યોમાં પૈસા વિના કોઈ પણ કામ અટકતું નથી. પૂ. જલારામબાપાના સિદ્ધાંતોને હૃદયસ્થ કરી સેવાના તમામ પ્રોજેક્ટો આગળ વધારવા જોઈએ.'' આરોગ્ય સમિતિના ઉપાધ્યક્ષ ડૉ. પ્રવિણભાઈ દૈયાએ જરૂરિયાતમંદ પરિવારો માટે સહાયભૂત થવા  મેડિક્લેમ તથા ઇન્સ્યોરન્સ અંગે રજૂઆતો કરી હતી અને સૌને માહિતગાર કર્યા હતા.

વાત્સલ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢિયા તથા શ્રી જીતુભાઈ પૂજારાએ ખૂબ જ સુંદર રજૂઆતો કરી હતી. સમાજના વડીલોને એક માધ્યમ પૂરું પાડવા  ''સિનિયર સિટીઝન ક્લબ'' બનાવવા તેમજ વૃદ્ધાશ્રમમાં રહેતા સમાજના વડીલો સાથે સંવાદ કરી સમાજમાં વૃદ્ધાશ્રમોની સંખ્યા ઓછી થાય તે માટે સંયુક્ત રીતે સંનિષ્ઠ પ્રયત્નો કરવા અને આ પ્રકારના વાત્સલ્યની પ્રવૃત્તિઓ માટે બાકીની સમિતિઓ સાથે સંકલન કરી પોતાનું સંપૂર્ણ સમયદાન આપવાની કટિબદ્ધતા શ્રી અશોકભાઈ તથા શ્રી જીતુભાઈએ વ્યક્ત કરી હતી.

રોજગાર સમિતિના અધ્યક્ષ શ્રી જયેન્દ્રભાઈ તન્નાએ સમાજના યુવાન ભાઈ-બહેનોને રોજગારની યોગ્ય તકો ઉપલબ્ધ થાય તે માટે જરૂરી માળખું ગોઠવી સમગ્ર દેશમાં રઘુવંશી ભાઈ-બહેનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા શ્રી લોહાણા મહાપરિષદ માધ્યમ બને તે માટે સુંદર રજૂઆતો કરી હતી. વેબસાઈટ પોર્ટલ, ઉદ્યોગપતિઓ સાથે સંપર્ક, કારકિર્દી માર્ગદર્શન, ઇન્ટરવ્યૂ માટેની તૈયારી જેવા વિવિધ મુદ્દાઓ શ્રી જયેન્દ્રભાઈ તન્નાએ આવરી લીધા હતા અને આ પ્રોજેક્ટને સફળ બનાવવા સંલગ્ન સમિતિઓ સાથે કો-ઓર્ડિનેશન કરી  નાસિક મુકામે યોજાનાર મિટિંગમાં આ અંગે વધુ વિગતવાર  રજૂઆતો કરવાનું જણાવ્યું હતું.

પ્રોફેશનલ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ ''રઘુવંશી યલો પેજીસ'' ના નામથી ડિરેક્ટરી બનાવી તમામ રઘુવંશીઓનો ડેટાબેઝ એકત્ર કરવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો. વિવિધ ઉદ્યોગ સાથે સંકળાયેલા રઘુવંશીઓની માહિતી એકત્ર કરી તેને યોગ્ય માધ્યમ દ્વારા પ્રસારિત કરવાથી સંગઠન માટે અને એકબીજા પ્રત્યે આત્મીયતા કેળવાય તેવો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



અત્રે યાત્રા અને પ્રવાસન સમિતિના અધ્યક્ષ શ્રી નીતીનભાઈ ઠક્કરે પણ યાત્રાધામોએ રઘુવંશીઓને રોકાવાની વ્યવસ્થા અંગે સંકલન તથા સમાજના જુદા જુદા વર્ગો માટે યાત્રા-પ્રવાસનું આયોજન, શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોની માઁ વૈષ્ણોદેવી ખાતે મિટિંગના આયોજનન જવાબદારી આ ઉપરાંત દેશ-વિદેશમાં વસતા રઘુવંશીઓ માટે યાત્રા પ્રવાસના વિવિધ સ્થળો, તેની સમગ્ર માહિતી તથા આ માટે યોગ્ય સંકલન અને માર્ગદર્શન હરહંમેશ પૂરું પાડવાની તત્પરતા બતાવી હતી.

અત્રે શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે લગ્ન વિષયક બાબતો પર પ્રકાશ પાડતા હાઈપ્રોફાઈલ યુવક-યુવતીઓ માટે અમદાવાદ ગ્રાન્ડ ભગવતી ખાતે એક પરિચય મેળાનું વિશેષ આયોજન થાય તેવી રજૂઆત કરી અને તે માટેના આયોજનની તમામ જવાબદારી તેમણે સહર્ષ સ્વીકારી હતી. આ જ રીતે તમામ મહાજનો સંસ્થાઓના પ્રમુખશ્રીઓને માર્ગદર્શન મળી રહે તથા શ્રી લોહાણા મહાપરિષદની તમામ પ્રવૃત્તિઓથી વાકેફ રહે અને પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી શકે તે માટે પણ ટાગોર હોલ અમદાવાદ ખાતે સુંદર આયોજન કરવાની વાત કરી હતી જેને પણ સૌએ સહર્ષ સ્વીકારી હતી.

અત્રે જનસંપર્ક અધિકારી શ્રી રમેશ ઠકરારે શ્રી ઉમંગભાઈની વાતમાં સૂર પુરાવતા સુંદર બિઝનેશ સમિટનું આયોજન કરી દેશ-વિદેશમાં વસતા રઘુવંશી ઉદ્યોગપતિઓને એક મંચ પર ભેગા કરી એક બીજાના ઉદ્યોગો અંગે માહિતીનું આદાન પ્રદાન તથા તેમનું શ્રી લોહાણા મહાપરિષદમાં યોગદાન અને ભાગીદારી વધે તે માટે સુંદર કાર્યક્રમના આયોજનની રજૂઆત કરી હતી.

રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાએ રઘુવંશી ભાઈ-બહેનોમાં વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ ઊભું કરવા માટે રજૂઆતો કરી હતી. દરેક બાળકને નાની ઉંમરમાં જ પોતાનું કૌશલ્ય ખિલવવા માટે યોગ્ય તક મળે તે માટે જાગૃતિ આવે તેવા પ્રોગ્રામોનું આયોજન કરવા માટે રજૂઆત કરી હતી. લોહાણા જ્ઞાતિની વાડીઓ, છાત્રાલયો, બાળાશ્રમો તથા અન્ય સંસ્થાઓ આમાં સંપૂર્ણ સહકાર આપી માધ્યમબને તેવી પણ તેમણે અપેક્ષા આ સમયે વ્યક્ત કરી હતી. શ્રી પિયુષભાઈએ નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ સત્વરે આયોજન થાય તેવી તૈયારી બતાવી હતી અને આ અંગેની રૂપરેખા ટૂંક સમયમાં ઘડી કાઢવા તત્પરતા બતાવી હતી.

સમાધાન સમિતિના અધ્યક્ષ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે સમાજના વિવિધ પ્રદેશોમાં કે એક જ પ્રદેશમાં આવેલી વિવિધ સંસ્થાઓ વચ્ચેની અસંગતતાઓ દૂર કરવા માટે જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં પોતે આ માટે ચોક્કસ પ્રયત્નો કરી સમાજમાં સુમેળ સધાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવાની ખાતરી આપી હતી. આ તબક્કે શ્રી ઠાકોરભાઈએ આ પ્રકારની કોઈપણ સમસ્યાઓ કે વિસંગતતાઓની જાણ તેમને કરવા તમામ સભ્યોને અપીલ કરી હતી.

થેલેસેમિયા સમિતિના અધ્યક્ષ ડૉ. રમેશભાઈ ભાયાણીએ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ચાલી રહેલા થેલેસેમિયા જાગૃતિ અભિયાન અંગે સંતોષ વ્યક્ત કરી આ પ્રવૃત્તિઓને વધુ વેગવાન બનાવી સમાજના છેલ્લામાં છેલ્લા ઘર સુધી થેલેસેમિયા અંગેની માહિતી પહોંચે તે માટે અપીલ કરી હતી. અત્રે શ્રી પ્રવિણભાઈ કોટકે પણ થેલેસેમિયા જાગૃતિ માટે દેશભરમાં આવેલી લોહાણા જ્ઞાતિની વિવિધ સંસ્થાઓની વાડીઓ, જલારામ મંદિરો કે અન્ય ઇમારતો પર થેલેસેમિયાની માહિતી આપતું બોર્ડ કાયમી રીતે લાગેલું રહે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું. તાજેતરમાં જ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીના વરદહસ્તે શ્રી લોહાણા મહાપરિષદને સેવાકીય પ્રવૃત્તિ બદલ મળેલા એવોર્ડ માટે ખુશી વ્યક્ત કરી હતી. ડૉ. ભાયાણીએ થેલેસેમિયા સમિતિની રચના કરી નાસિક મુકામે જાહેર કરવા માટે પણ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કેળવણી સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ પણ શિક્ષણ અને કેળવણી વચ્ચેનો તફાવત સુંદર શાયરીથી સમજાવ્યો હતો. સાચી કેળવણી બાળકના ચારિત્ર્યનું ઘડતર કરે છે અને રઘુવંશના ગૌરવને ઉજાગર કરે છે. કેળવણી સમિતિને શોભાવે તેવા વિવિધ પ્રકારના કાર્યક્રમો સૌ હોદ્દેદારોના સાથ-સહકારથી સુંદર રીતે કરવાની કટિબદ્ધતા શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ વ્યક્ત કરી હતી.

સ્કીલ ડેવલોપમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલાએ સમાજના વિવિધ વર્ગો માટે કૌશલ્ય વિકાસ, બહેનોને સ્વાવલંબી બનાવવા માટે વિવિધ પ્રકારના કોર્સીસ માટે પ્રોત્સાહન આપી તેમને માર્ગદર્શન આપવા માટે જવાબદારી સ્વીકારી હતી.

દરેક સમિતિની કાર્યક્ષમ ટીમ બને તે માટે દરેક સમિતિના અધ્યક્ષો અલગ અલગ વિભાગમાં જઈ ત્યાંના જ્ઞાતિશ્રેષ્ઠીઓને મળી તેમના અભિપ્રાય લઈ કાર્યક્ષમ ટીમ બનાવે તેવી પણ તેમણે રજૂઆત કરી હતી.

નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા અપાતા વિવિધ લાભો અંગે પણ યોગ્ય માહિતી મેળવી જરૂરી સેન્ટરોની સ્થાપના કરવામાં પણ શ્રી લોહાણા મહાપરિષદ માધ્યમ/ પ્રેરક બની શકે તેવો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ રઘુવંશી સમાજ રાજ્ય અને રાષ્ટ્ર પ્રત્યે વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા પોતાની ફરજો નિભાવી શકે તે માટે વિવિધ પ્રસ્તાવોની રજૂઆતો કરી હતી. ભુતકાળમાં આ પ્રકારના થયેલા કાર્યક્રમો અંગે પણ તેમણે સૌને માહિતગાર કર્યા હતા.



સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં રઘુવંશીઓના જ્વલંત પ્રદર્શન બદલ ડો. નીમાબેન આચાર્યનું અભિવાદન કરતા પ્રમુખશ્રી તથા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી

અત્રે મહિલા સમિતિના અધ્યક્ષ સુશ્રી નીમાબેન આચાર્યએ દરેક રઘુવંશી જન્મકે મરણ વખતે એક વૃક્ષ રોપવાનો સંકલ્પ લે તો રાષ્ટ્રની ખુબ મોટી સેવા થઈ શકે. તેમના વિચારને સૌએ વધાવ્યો હતો અને વૃક્ષારોપણ માટે જરૂરી માહિતી, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પણ પર્યાવરણ સમિતિને અપીલ કરી હતી.

સામાજિક સુરક્ષા સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ઠક્કર તથા ઉપાધ્યક્ષ શ્રી નટુભાઈ આચાર્યએ સામાજિક સુરક્ષા – મહિલા કલ્યાણ – બાળ વિકાસ એમ આ સમિતિની મુખ્ય જરૂરિયાત જણાવી આ માટે વિધવિધ રીતે સમાજની ઊણપોને ઉપલબ્ધિ બનાવવાનું અભિયાન ચલાવવા રજુઆત કરી હતી. રઘુવંશી સમાજના પરિવારો માટે એક ડેટાસેલ, મેડિક્લેમ પોલીસી, સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે તથા આ અંગે યોગ્ય રજુઆતો કરી સમાજને સશક્ત બનાવવા માટે રજુઆતો કરી હતી. શ્રી મુકેશભાઈ ઠક્કરે કુદરતી આપત્તિના સમયે જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા આપદા પ્રબંધન સેલ ઊભો કરવા માટેની પણ રજુઆત કરી હતી.

અત્રે મહિલા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ સુશ્રી નીમાબેન આચાર્યએ સરકારની વિવિધ યોજનાઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા અને સમાજના વિવિધ વર્ગોમાં આ અંગે જાગૃતિ આવે તથા તેનો લાભ આપણો સમાજ મેળવી શકે તે માટે રજુઆતો કરી હતી.



લંડનથી ખાસ પધારેલા શ્રી દુર્લભભાઈ લાખાણી સન્માનિત થતા...

સુશ્રી નીમાબેને શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને પોતે આ ટીમના સભ્ય બનવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. આ તબક્કે તાજેતરમાં યોજાયેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કચ્છમાંથી ૨૦ જેટલા રઘુવંશી ઉમેદવારો વિજયી બન્યા તે માટે ડૉ. નીમાબેનને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા અને સુશ્રી રીટાબેને પુષ્પગુચ્છથી નીમાબેનનું અભિવાદન કર્યું હતું.

ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે શ્રી લોહાણા મહાપરિષદ માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સતત ફંડ મળતું રહે તે માટે પણ સૌને અપીલ કરી હતી અને અમદાવાદ ખાતે થયેલી જરૂરિયાતમંદ દર્દીઓ માટે રહેવાની સગવડ માટે પણ સૌને માહિતગાર કર્યા હતા.

સંયુક્ત મંત્રી શ્રી મિતલ ખેતાણીએ થેલેસેમિયાને એક ગંભીર ગુનો ગણાવી આ માટે યુદ્ધના ધોરણે સૌને કામે લાગી જવા અપીલ હતી અને વર્ષ ૨૦૧૬માં થેલેસેમિયાને જ્ઞાતિમાંથી જાકારો આપવા સૌને સંકલ્પિત થવા અપીલ કરી હતી.

આ મિટિંગ દરમ્યાન લંડનથી ખાસ પધારેલા શ્રી અજયભાઈ જોબનપુત્રા તથા શ્રી દુર્લભજીભાઈ લાખાણી પણ આ સમયે ઉપસ્થિત રહી શ્રી લોહાણા મહાપરિષદની ચાલી રહેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

અંતમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે સમિતિના સૌ અધ્યક્ષોને ઉત્સાહભેર ચિંતન બેઠકમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. બપોરે ૨–૩૦ કલાકે શ્રી ભોજનપ્રસાદ લઇ છૂટા પડ્યા હતા. આ મિટિંગની સંપૂર્ણ વ્યવસથા તથા ભોજનનું સૌજન્ય વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર તરફથી પ્રદાન થયુ હતું.

# યુવા સમિતિનો પરિસંવાદ તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૫



તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૫ને શનિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર દરેક વિભાગના યુવા અધ્યક્ષનો પરિસંવાદ – વર્કશોપ યોજાયો. ૧૦.૩૦ કલાકે રજિસ્ટ્રેશન બાદ રઘુવંશી ધ્વજવંદન બાદ મિટિંગની શરૂઆત કરી સ્વાગત પ્રવચન, મુંબઈથી પધારેલા મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ કર્યું. શ્રી પિયુષભાઈએ શ્રી લોહાણા મહાપરિષદની છેલ્લા બે માસમાં યોજાયેલ મિટિંગો તથા ગતિવિધિઓથી સૌને વાકેફ કર્યા. આગામી દિવસોમાં સૂચિત કાર્યક્રમો તેમજ જાન્યુઆરી ૧૧, ૧૨ અને ૧૩ના રોજ નાસિક મુકામે યોજાનાર સર્વે હોદ્દેદારોની મિટિંગ અને તે અંગેના વિગતવાર કાર્યક્રમ અંગે સૌને માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ યુવા અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ વક્તવ્ય આપ્યું હતું અને દેશભરમાં શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમનીચે સશક્ત યુવાધન ઉભું કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી અજયભાઈ વડેરાએ જણાવ્યું હતું કે શ્રી લોહાણા મહાપરિષદના દરેક કાર્યો, આયોજનોમાં યુવા બ્રિગેડ અગ્રેસર રહેશે. અને દરેક સેવાકાર્યોમાં યુવા સમિતિ અગ્રેસર રહેશે. આ ઉપરાંત દેશભરમાં તમામ પ્રાંતમાં યુવા પ્રતિનિધિત્વ ઉભું કરવા અંગે પણ રોડમેપ તૈયાર કરાયો હતો. તમામ ઉર્જાવાન યુવાનોના ડેટાબેઝ તૈયાર કરવાનું અભિયાન પણ ચલાવવાનું શરૂ કરવા માટે યોગ્ય આયોજન કરાયેલ ત્યારબાદ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે ઉદ્‌બોધન અને માર્ગદર્શન આપ્યું હતું અને તમામ યુવા સમિતિના અધ્યક્ષોને અભિનંદન આપ્યા હતા અને સુંદર અને સશક્ત ટીમ બને તે માટે શુભેચ્છા પાઠવી હતી.



શ્રી પ્રવિણભાઈએ પોતાની યુવાનીના દિવસોને વાગોળતી એક સાચા યુવાનની કર્મઠતા ઉપર પ્રકાશ પાડ્યો હતો. આ જ દિવસે, શ્રી પ્રવિણભાઈએ પોતાના વ્યવસાયિક પ્રતિષ્ઠાનના Iscon VIP ના શુભારંભ પ્રસંગે સર્વેને પધારવા અને ભોજન-પ્રસાદ લેવા આગ્રહભેર આમંત્રણ પાઠવ્યું હતું. અત્રે વિશ્વવંદનીય સંત પૂ. મોરારીબાપુ આ મિટિંગમાં પધાર્યા હતા અને સૌ હોદ્દેદારોને આશીર્વાદ આપ્યા હતા. પૂ.મોરારીબાપુએ સમગ્ર કાર્ય પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી રાજીપો વ્યક્ત કર્યો હતો.

અત્રે પૂ. જાનકીદાસ બાપુએ પણ યુવાનોને આશીર્વચન અને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે અશક્યને પણ શક્ય બનાવવાનું કામયુવાનોનું છે. તેમણે હનુમાનજી મહારાજ અને જાંબુવન મહારાજના પ્રસંગોનું સુંદર વર્ણન કરી સૌને પ્રભાવિત કર્યા હતા. ત્યારબાદ ભોજન તથા વિરામ લઈ ફરી ૩.૦૦ કલાકે મિટિંગનો દોર ફરીથી શરૂ કરાયો હતો જેમાં ગુજરાત વિભાગના અધ્યક્ષ શ્રી ધવલ આચાર્યના પ્રયાસથી ડેટા બેઝ તૈયાર કરવા માટે ડેમોન્સ્ટ્રેશન રજૂ કર્યું હતું અને સૌએ આમાં જરૂરી સૂચનો સાથે આગળ વધવા અનુરોધ કર્યો હતો. અત્રે શ્રી વિનોદભાઈ ગોકલાણી, બહુચરાજીથી શ્રી નરેશભાઈ ઠક્કરે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કચ્છથી અતુલ મજીઠીયા, ભાવનગરથી શ્રી સુમિત ઠક્કર, મુંબઈથી નિખિલ સુબા તથા સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને મિટિંગ અંગે ખૂબ સંતોષ વ્યક્ત કરી સાંજે ૬.૧૫ કલાકે સૌ છૂટા પડ્યા હતા.



## મહિલા સમિતિના અધ્યક્ષાઓનો પરિસંવાદ તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૧૫



શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદ ખાતેના મધ્યસ્થ કાર્યાલય પર મહિલા સમિતિના અધ્યક્ષ સુશ્રી ડૉ. નીમાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને દરેક વિભાગના મહિલા હોદ્દેદારોનો પરિસંવાદ યોજાયો તેમાં નિર્ધારિત સમય પ્રમાણે બપોરે ૩.૦૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીતથી મીટીંગની શરૂઆત થઈ જેમાં સૌ પ્રથમ ડૉ. નીમાબેન આચાર્યએ દૂર દૂરથી પધારેલા તમામ મહિલા પ્રતિનિધિઓને આવકાર્યા હતા.

અત્રે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે ડૉ. નીમાબેન સહિત સર્વે પધારેલ મહિલાઓનું અભિવાદન કર્યું હતું. હર્ષ અને આનંદ સાથે જણાવ્યું હતું કે આ પ્રકારની મહિલાઓની અલાયદી મીટીંગ કદાચ પ્રથમવાર જ યોજાઈ હશે. શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓની શક્તિ વિશાળ છે જો એકસૂત્રે બંધાય અને તે ચોક્કસ હેતુ માટે કામે લાગે તો કોઈપણ અશક્ય કામને પણ આસાનીથી ઉકેલી શકે છે.

એક મહિલાએ સૌ પ્રથમ આ દુનિયામાં આવી અને એક દિકરી, બહેન, પુત્રવધુ, માતા, ભાભી, સાસુ જેવા અનેક પાત્રો ભજવેલાં હોય છે અને તે દરેક સાથે સુમેળ સાધી સુંદર સંકલન કરી શકે છે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકીય કાર્યોમાં મહિલાઓની અહમ્ ભૂમિકા રહે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે દેશભરના વિવિધ શહેરોમાં મહિલા પ્રતિનિધિઓની નિમણૂંક કરી એક સુંદર ટીમ દ્વારા સતત સેવાકાર્યો થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત તેમણે માતૃસંસ્થાના પ્રચાર પ્રસાર માટે શ્રી રઘુકુળ વિશ્વ આગામી દિવસોમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન, થેલેસેમિયા નાબૂદી અભિયાન, શિક્ષણ અને આરોગ્ય સહાય, જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે રહેવાની સગવડ જેવી અનેક પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મીટીંગનો દોર સુશ્રી નીમાબેન તથા સંયુક્ત મંત્રી શ્રીમતી કાશ્મીરા નથવાણીએ સંભાળ્યો હતો અને લગભગ સાંજે ૬.૩૦ કલાક સુધી મહિલા સમિતિએ સુવ્યવસ્થિત સંકલન માટે ચર્ચા-વિચારણા કરી હતી. આ મીટીંગમાં જ સુશ્રી ડૉ. નીમાબેન આચાર્ય, મુંબઈથી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, અમરાવતીથી શ્રીમતી શીલાબેન પોપટ, ભાવનગરથી ડૉ. રક્ષા સુચક, રાજકોટથી સુશ્રી કાશ્મીરાબેન નથવાણી તથા રીટાબેન ઠક્કર, શ્રીમતી અલકાબેન કોટક, શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ ઠક્કર તથા અમદાવાદથી શ્રીમતી ધરાબેન, શ્રીમતી કામીનીબેન, શ્રીમતી રીન્કુબેન, શ્રીમતી હીનાબેન તથા શ્રીમતી માનસીબેન ઉપસ્થિત રહ્યા હતા.



# થેલેસેમિયા સમિતિ...



થેલેસેમીયા એ લોહીનો વારસાગત તથા જીવલેણ રોગ છે. અજ્ઞાનતા તથા પુરતી જાણકારીના અભાવે તથા ''લગ્ન પહેલાં થેલેસેમીયા ટેસ્ટ'' ન કરાવવાના લઇને દર વર્ષે ગુજરાતમાં તથા દેશમાં હજારો નવા થેલેસેમીયા પીડિત બાળકો જન્મે છે. આ બાળકોનું અત્યંત સિમીત તથા પીડાદાયક જીવન હોય છે. આ બાળકોનું કુટુંબ શારીરિક, માનસીક, આર્થિક, સામાજીક રીતે બરબાર થઈ જાય છે. આ રોગને અટકાવવાનો એકમાત્ર ઉપાય ''લગ્ન પહેલાં થેલેસેમીયા ટેસ્ટ'' ફરજીયાત બનાવવાનો છે. તમામ ધર્મ તમામ જ્ઞાતિના થેલેસેમીયા પીડીત બાળકો સતત પીડા વચ્ચે પોતાનું જીવન વ્યતિત કરી રહ્યાં છે. સમગ્ર વિશ્વના ૨૫ લાખથી વધુ રઘુવંશીઓની પ્રતિનિધિત્વ કરતી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાનને વેગવંતુ રાખી, થેલેસેમીયા મેજર બીમારીને સંપૂર્ણપણે જાકારો આપવાના કટિબદ્ધ અભિયાન તેમજ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના સ્વપ્નને સાર્થક કરવાની ચળવળના ભાગરૂપે શ્રી લોહાણા મહાપરિષદની થેલેસેમીયા સમિતિના માર્ગદર્શનમાં વૈશ્વિક લેવલે અનેક પ્રયત્નો સ્થાનિક મહાજનો, જ્ઞાતિસંસ્થાઓ, દાતાો, કાર્યકર્તાઓ, શ્રેષ્ઠીઓના સહકારથી સતત પ્રયત્નો કરવામાં આવે છે. થેલેસેમીયા નાબૂદી ચળવળના ભાગરૂપે ગુજરાત સરકારના આરોગ્યમંત્રી મા.શ્રી નિતીનભાઈ પટેલને ગાંધીનગર ખાતે રૂબરૂ મળી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી મિતલ ખેતાણી, આરોગ્ય સમિતિના ડૉ. નંદલાલ માનસતા સૌરાષ્ટ્ર વિભાગના અગ્રણી યોગેશ પૂજારા, રમેશભાઈ ઠક્કર દ્વારા એક વિસ્તૃત આવેદનપત્ર આપવામાં આવ્યું જે અંતર્ગત ગુજરાત રાજ્યની તમામયુનિવર્સિટીમાં પ્રથમવર્ષના વિદ્યાર્થીઓને એડમિશન સમયે, યુનિવર્સિટી દ્વારા જ નિ:શુલ્ક થેલેસેમીયા ટેસ્ટ કરાવી પ્રવેશ અપાય તેમજ તમામસિવિલ હોસ્પિટલમાં, રેડક્રોસની વિવિધ શાખાઓમાં, વિવિધ કેમ્પોમાં આ ટેસ્ટ નિ:શુલ્ક કરી આપવામાં આવે. (જેનો ખર્ચો સરકારશ્રી ભોગવે) તેવી વિનંતી કરાઈ. આરોગ્ય મંત્રી શ્રી નીતીનભાઈ પટેલ પણ અત્યંત હકારાત્મક તેમજ માનવતાવાદી અભિગમસાથે જેમપોલીયો રોગની નાબૂદી કરવામાં સરકારને, સંસ્થાઓને સફળતા મળી તેજ રીતે થેલેસેમીયા નાબૂદી કરવામાં પણ પોતાની તેમજ સરકારની કટિબદ્ધતા દર્શાવી હતી અને આ અંગેના વિવિધ પાસાઓની વિસ્તૃત રીતે ચર્ચા કરી આવેદનપત્ર અંગે અભ્યાસકરી, ગંભીરતાપૂર્વક વિચારવાની સંવેદનશીલતા પૂર્વકની ખાત્રી આપી હતી. થેલેસેમીયા નાબૂદીનું હજુ વધુ અભિયાન સરકારી તંત્રો, સંગઠનો, સંસ્થાો, જ્ઞાતિઓ, મેરેજબ્યુરોના સંચાલકો, સ્કુલ–કોલેજો–યુનિવર્સિટીઓ ઉપાડે તે સમયની માંગ છે.

**સંકલન : મિત્તલ ખેતાણી**

શ્રી જલારામ સત્સંગ મંડળ, મણિનગર દ્વારા તા. ૨૦–૧૨–૨૦૧૫ને રવિવારના રોજ મંડળ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાઈ ગયો. સ્નેહ મિલનની સાથોસાથ સમગ્ર રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આર્થિક સહયોગ અને માર્ગદર્શનથી પ્રાયોજિત આપણી જ્ઞાતિની અપરિણિત યુવક/ યુવતીઓ માટે તા. ૨૦–૧૨–૨૦૧૫ના રોજ નિ:શુલ્ક થેલેસેમીયા પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૪૦ વ્યક્તિઓના થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવેલ હતા. આ સમયે પ્રોત્સાહન આપવા શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી અલ્પેશભાઈ ગોવાણી ઉપસ્થિત રહ્યા હતા અને મણીનગર મંડળ તરફથી શ્રી સતીષભાઈ ઠક્કર તથા તેમની સમગ્ર ટીમે પણ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.



જય જલિયાણ સત્સંગ મંડળ, વેજલપુર દ્વારા તા. ૨૭–૧૨–૨૦૧૫ને રવિવારના રોજ સપ્રમસ્નેહ મિલન સમારંભ યોજાઈ ગયો તેની સાથોસાથ નિ:શુલ્ક થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૧૫૧ વ્યક્તિઓના થેલેસેમીયા પરીક્ષણ થયેલ. આ સમયે શ્રી લોહાણા મહાપરિષદમાંથી શ્રી હિંમતભાઈ કોટક, શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી અલ્પેશભાઈ ગોવાણી, શ્રી જીતુભાઈ કારીયા, શ્રી શશીકાન્તભાઈ કાનાણીએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

**-મુકેશ ગોવાણી**



# રમતગમત સમિતિ...

છેલ્લા ત્રણ વર્ષથી યોજાઈ રહેલ રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટની અદ્વિતીય સફળતાથી આ વર્ષે પણ આ ટુર્નામેન્ટ રાષ્ટ્રીય સ્તરે યોજવાનું આયોજન શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ રમતગમત સમિતિ દ્વારા કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

## ૩જી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૬

### માતુશ્રી સ્વ. શ્રીમતી પાર્વતીબેન નરસિદાસ કાથરાણી ૩જી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૬

**(મુખ્ય સહયોગ : શ્રેષ્ઠી શ્રી મણીલાલ નરસિદાસ કાથરાણી, ભુવનેશ્વર)**

**(સહયોગ : શ્રેષ્ઠી શ્રી તુષારભાઈ અનમ, શ્રી અર્જુન, શિપિંગ કંપની, મુંબઈ)**

આ સ્પર્ધા શ્રી લોહાણા મહાપરિષદના સાતેય વિભાગોમાંથી પસંદગી પામેલી ટીમો વચ્ચે આગામી ૨૦૧૬માં કચ્છ વિભાગમાં રમાશે. (ચોક્કસ તારીખો હવે પછી જાહેર થશે.)

- **આ સ્પર્ધા સીઝન / ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ રહેશે.**
- **આ સ્પર્ધામાં ખેલાડીઓનું સિલેક્શન વિભાગ મજબુત કરવામાં આવશે. ઉત્સુક ખેલાડીઓએ પોતાના વિભાગના ઉપાધ્યક્ષશ્રીનો સંપર્ક કરવો.**

**(જરૂરી ફોર્મ તથા વિભાગીય ઉપાધ્યક્ષશ્રીઓ તથા અન્ય હોદ્દેદારોના નામ/ સરનામા માતૃસંસ્થાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.)**

## સરળ નિયમો

- સિલેક્શન અંગે ખેલાડીઓના કૌશલ્ય મુજબ તટસ્થ નિર્ણાયકોએ લીધેલા નિર્ણયો દરેક ખેલાડીઓને બંધનકર્તા રહેશે.
- આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીની ઉંમર ૧૮થી ૪૦ વર્ષ સુધી રહેશે.
- સિલેક્શન સ્થળ પર તથા રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં ખેલાડીઓએ સ્વખર્ચે આવવાનું રહેશે.
- રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં રહેવાની તેમજ ભોજન વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટ ૨૦ ઓવરની રહેશે જેમાં ફેરફારને અવકાશ રહેશે. વિગતવાર નિયમો સ્પર્ધા સમયે સ્થળ ઉપર આપવામાં આવશે.
- રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં વિભાગ મુજબ જે ડ્રેસ-કોડ નક્કી કરવામાં આવે તે મુજબ પહેરવાનો રહેશે.
- દરેક વિભાગે ૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીમાં વિભાગ મુજબ ક્રિકેટ ટીમનું સિલેક્શન કરી ૧૫ ખેલાડીઓ કોચ / મેનેજરના નામો તેમજ આપેલ ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરી શ્રી લોહાણા મહાપરિષદ મધ્યસ્થ કાર્યાલય અમદાવાદ ખાતે એક નકલ સાથે રમતગમત સમિતિના મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરારને મોકલી આપવાની રહેશે.
- આયોજનના કોઈપણ જાતના ફેરફાર માટેનો હક્ક શ્રી લોહાણા મહાપરિષદ પોતાની પાસે અબાધિત રાખે છે.
(વધુ વિગતો માટે માતૃસંસ્થાની વેબસાઈટ www.lohanamahaparshad.orgની મુલાકાત લેવા વિનંતી.)

- વધુ માહિતી માટે પિયુષ મજીઠિયા, પોરબંદર ૯૮૨૫૨૮૦૦૭૦ તથા પ્રકાશભાઈ ઠકરાર, ગોંડલ ૯૯૯૮૦૦૭૮૮૮નો સંપર્ક કરવો.

## લગ્નવિષયક સમિતિ

**લોહાણા મહાપરિષદની લગ્નવિષયક સમિતિને કાર્યશીલ બનાવવા દરેક પ્રદેશમાં કે વિભાગમાં આ વિષયે ચિંતિત હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ સુસંકલિત થાય તે અતિ આવશ્યક છે. આ માટે આપના સૂચનો આવકાર્ય છે.**

- પરિણય પસંદગીની સેવા આપતા દરેક કેન્દ્રોની વિસ્તૃત માહિતી એક ડિરેક્ટરીમાં સમ્મિલિત કરી, પ્રકાશિત કરવી.
- દરેક કેન્દ્રને શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ એકત્રિત કરી સુસંકલીત રીતે આયોજનો થાય તેવા પ્રયત્ન કરવા.
- દરેક કેન્દ્રને શ્રી લોહાણા મહાપરિષદ મનોનિત સર્ટિફિકેટ એનાયત કરવા, જેનાથી કેન્દ્રની ઓળખ તેમજ વિશ્વસનિયતામાં વધારો થાય.
- દરેક કેન્દ્ર પાસે ઉપલબ્ધ બાયોડેટાની આપસમાં સરળ આપ-લે માટેની વ્યવસ્થા / જોગવાઈ કરવી.
- દરેક કેન્દ્રની વેબસાઈટની લીંક આપી એક જ વેબસાઈટના નેજા હેઠળ લાવવી.
- શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત / માન્ય વૈજ્ઞાનિક ઢબે વોટ્સએપ ગ્રુપનું નિર્માણ કરવું.
વેબસાઈટ / વોટ્સએપ ગ્રુપની વધુમાં વધુ જાહેરાત કરીને લોકપ્રિય તેમજ લોકોપયોગી બનાવવું. જરૂર પડ્યે commercial Advertise દ્વારા અથવા online promo હાથ ધરવું.
- સરળતા તેમજ પુરતી જાણકારી આપતા સ્ટાન્ડર્ડ બાયોડેટા ફોરમની રચના કરવી.
- દરેક વિભાગીય સ્તર ઉપર વિશાળ પરિચય પસંદગીના મેળાવડાનું આયોજન કરવું.
- થેલેસેમીયા ટેસ્ટ વગરના બાયોડેટાનો સ્વીકાર કરવો નહીં.
- વ્યવસ્થિત તેમજ ધામધુમથી જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરી જ્ઞાતિબંધુઓનો આર્થિક બોજ હલકો કરવો તેમજ સંપતિનો ખોટો દુર્વ્યય અટકાવવા સાથે જ્ઞાતિની સંગઠન તેમજ સહકારની લાગણીને વેગ આપવો.

સંકલન : હસમુખ દાવડા, હૈદરાબાદ મો.૯૬૫૨૦૦૫૨૫૨

# કાર્યાલય સમાચાર

## સંયુક્ત મંત્રીઓની મિટિંગ યોજાઈ



તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૫ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર આગામી આયોજનોના યોગ્ય સંકલન માટે મિટિંગ યોજાઈ જેમાં અમદાવાદ ખાતેના સંયુક્ત મંત્રીઓ, સહમંત્રીઓ તથા કાર્યાલય મંત્રી હાજર રહ્યા હતા અને લગભગ બે કલાક આગામી આયોજન માટે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાઓ મુખ્યત્વે તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કમીજલા મુકામે યોજાનાર આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનના આયોજન એ મુખ્ય વિષય હતો. આ મિટિંગમાં શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી રઘુવીરભાઈ ગઢીયા, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી અંજનભાઈ કોટક, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી નીમેષભાઈ માણેક, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી જીતેન્દ્રભાઈ કારિયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે સૌને શુભેચ્છા આપી હતી અને બિરદાવ્યા હતા અને દર મહિનાના ઓછામાં ઓછા બે રવિવારે તમામ મંત્રીશ્રીઓ નિયમિતપણે મળે તેવી ઇચ્છા પણ વ્યક્ત કરી હતી જેને સૌએ સહર્ષ સ્વીકારી હતી.



## તા.૨૩-૧૨-૨૦૧૫ : કોર કમિટિની મિટિંગ યોજાઈ

શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર સાંજે ૬.૩૦ કલાકે વરિષ્ઠ હોદ્દેદારોની મિટિંગ યોજાઈ જેમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નજીકના ભવિષ્યમાં હાથ ધરાનાર તમામ પ્રકલ્પો, આયોજનો અને સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ મિટિંગમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ગવર્નર તથા તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી તથા વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યવાહક ટીમ માટે જરૂરી માર્ગદર્શન તથા સૂચનો કર્યા હતા.

સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાતે તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પધારેલા અને શ્રી લોહાણા મહાપરિષદની ગતિવિધિઓથી પ્રભાવિત થયા હતા.





સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા જીતેન્દ્રકપૂર તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પધાર્યા હતા. તેઓ શ્રી અંબાજી ખાતે મા અંબાના દર્શને ગયા હતા જેમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર પણ સાથે જોડાયા હતા. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નજીકના ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર અંબાજી હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે વિગતે માહિતી મેળવી હતી આ ઉપરાંત અંબાજી અને મા અંબાના મહિમા વાળી ફિલ્મ બનાવવાની ઇચ્છા શ્રી પ્રવિણભાઈ કોટકે રજૂ કરતાં શ્રી જીતેન્દ્રકપૂરે એકતાકપૂર સાથે વાત કરી ચોક્કસ આગળ વધવા માટે રાજીપો વ્યક્ત કર્યો હતો.

## અખિલ ગુજરાત લોહાણા સમાજ

### ગ્રાન્ડ ફિનાલે - રઘુવંશી રમતોત્સવ ૨૦૧૫ વલ્લભવિદ્યાનગર ખાતે યોજાયો.

અખિલ ગુજરાત લોહાણા સમાજ રમતગમત સમિતિ, શિક્ષણ સમિતિ, યુવા સમિતિ તેમજ છાત્રાલય સમિતિના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી ભારતીબેન શૈલેષભાઈ સોનપાલ રઘુવંશી રમતોત્સવ – ૨૦૧૫નું ભવ્યાતિભવ્ય સમાપન સમારોહ તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ વલ્લભવિદ્યાનગર ખાતે યોજાયો જેમાં છેલ્લા મહિનાઓથી ગુજરાતભરમાં ચાલી રહેલી વિભાગીય કક્ષાની સ્પર્ધાઓમાં વિજયી થયેલી રઘુવંશી ભાઈ–બહેનોની ગ્રાન્ડ ફિનાલે અને તેમને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ અત્યંત સફળતાપૂર્વક યોજાયો જેમાં ગુજરાતના આયોજનપંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીન, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર પણ ઉપસ્થિત રહ્યા હતા.





સવારે ૯.૩૦ કલાકે યુગપુરુષ સ્ટેડિયમ ખાતે ક્રિકેટની ફાઈનલ મેચ નિહાળ્યા બાદ કુમાર છાત્રાલય ખાતે આ સમાપન સમારોહ સભામાં ફેરવાયો હતો જેમાં તમામ રમતોના વિજેતા ઉમેદવારોને સુંદર ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, અનુપમ મિશનના શ્રી રતિભાઈ સાહેબ, શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ), શ્રી મુકેશભાઈ ઠક્કર તથા અન્ય આગેવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા અને રમતવીરોને બિરદાવ્યા હતા. રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢિયા તથા મંત્રી શ્રી અશોકભાઈ પાવાગઢીના સતત સંકલનથી શ્રી ચંદ્રકાંતભાઈ તન્નાએ સભાનું સુંદર સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે વિશેષ જહેમત ઉઠાવનાર યુવાન એવા શ્રી સાગર ઠક્કર તેમજ શ્રી મયુર ઠક્કરનું પણ સન્માનનીય મંચ દ્વારા વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જે રમતો ફક્ત મોબાઈલ અને વ્યવસાયનું માધ્યમ બની ગઈ છે તે રમતોને ફરીથી મેદાનમાં લઈ આવવાનું કામ પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર અને તેમની ટીમે કર્યું છે તે ધન્યવાદને પાત્ર છે. આ પ્રસંગે ગુજરાતના તમામ શહેરોમાંથી રઘુવંશી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યજમાન, આયોજકો અને સ્વયંસેવકોને બિરદાવ્યા હતા.




## ગોંડલ લોહાણા મહાજન

ગોંડલ લોહાણા મહાજન દ્વારા રઘુવંશી સમાજ માટે રવિવારે ખેલમહાકુંભનું આયોજન કરાયું હતું. ખેલમહાકુંભમાં ૬ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી,દોડ, દોરડાકુદ, એક મિનિટ તથા સિક્કા શોધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૦૦થી વધારે સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. સ્પર્ધામાં વિજેતા થનારને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે લોહાણા મહાજનના પ્રમુખ પ્રહલાદભાઈ પારેખ, ગોંડલ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન ભોજાણી – સદસ્ય ક્રિશ્નાબેન તન્ના તેમજ ગોંડલ લોહાણા મહાજનના કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા.

સંકલન : રમેશભાઈ કારીયા, ગોંડલ

# આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

પ્રતિ,

મહાજનશ્રીઓ તથા જ્ઞાતિસેવા સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓના પ્રમુખશ્રી, હોદ્દેદારો તથા સર્વે કારોબારી સભ્યો,

**વિષય : તા.૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારના રોજ પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલા તા. વિરમગામ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં પધારવા નિમંત્રણ**

જય જલારામ    જય રઘુવંશ    જય મહાપરિષદ

આપ સૌની કુશળતા ઇચ્છીએ છીએ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગતિશીલ છે. આપણે સૌ સુંદર સેવાકાર્યો દ્વારા સમાજની એકતા અને વિકાસ માટે કટિબદ્ધ થયા છીએ તે અતિ આનંદની વાત છે. શ્રી લોહાણા મહાપરિષદના તમામ સેવાકાર્યોમાં આપ તન, મન અને ધનથી હંમેશા અમારી સાથે રહ્યા છો અને આપનો આવો ને આવો સાથ-સહકાર અમોને સતત મળતો રહેશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

પૂજ્ય ભાણસાહેબની ૩૧૮મી જન્મજયંતિ નિમિત્તે કમીજલા, વિરમગામ મુકામે તા. ૧૩ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી યોજાનાર પૂ. મોરારીબાપુની રામકથા દરમ્યાન તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ આયોજીત આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં આપની સંસ્થા સાથે જોડાયેલા  તમામ પરિવારો ઉપસ્થિત રહે તે માટે હૃદયપૂર્વકનું આમંત્રણ છે. આ પાવન પ્રસંગે સમાજના ઉત્કર્ષ માટે જરૂરી યોજનાઓ અંગે પણ જાહેરાતો થશે. દેશ-વિદેશમાંથી પધારેલા રઘુવંશીઓની જ્ઞાતિગંગાના દર્શનનો સૌને લહાવો પ્રાપ્ત થશે. આ પાવન પ્રસંગે વિશ્વવંદનીય સંતશ્રી મોરારીબાપુ, પૂ. જાનકીદાસબાપુ તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ દિવસે આપની સંસ્થા દ્વારા આગોતરુ આયોજન કરી (જો શક્ય હોય તો લક્ઝરી બસોની વ્યવસ્થા ગોઠવી) સૌને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવી પ્રોત્સાહિત કરવા વિનંતી. જો આપ આ દિવસે બસની વ્યવસ્થા કરી પધારો તો બસ ઉપર લગાવવાના બેનર શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર જાણ કરેથી બેનરની ડિઝાઈન મોકલી આપવામાં આવશે. વધુ માહિતી માટે કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારિયા (૯૭૨૨૯૦૦૯૦૦) અથવા સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર (૯૮૯૮૪૯૫૬૭૪)નો સંપર્ક કરવો.

આપ સૌના સતત સાથ સહકારની અપેક્ષા સહ...

હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા
મંત્રીઓ

## શ્રી રઘુકુળ વિશ્વ હેલ્પલાઈન - ૯૯૦૯૯૯૯૩૦૯

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ તથા શ્રી રઘુકુળ વિશ્વના આજીવન સભ્યશ્રીઓ,

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ સાથે ઉત્સાહભેર સભ્યો જોડાઈ રહ્યા છે જેમાં તમામ પદાધિકારીઓ સક્રિય રીતે સહયોગી બની રહ્યા છે. શ્રી રઘુકુળ વિશ્વ મુખપત્ર પોસ્ટના વિશેષ પરવાનાથી દેશભરમાં મોકલવામાં આવે છે, આમ છતાં જો ક્યાંય કોપી ન પહોંચતી હોય તો મધ્યસ્થ કાર્યાલય પર આપના એડ્રેસની ખરાઈ કરાવી લેવી.

શ્રી રઘુકુળ વિશ્વમાં એડ્રેસમાં ફેરફાર કરાવવા, નવા સભ્યો માટે વધારાની નકલો મંગાવવા કે શ્રી રઘુકુળ વિશ્વને લગતા અન્ય કોઈ પણ પ્રકારના કામકાજ માટે વિશેષ હેલ્પલાઈન નંબર ૯૯૦૯૯૯૯૩૦૯ શરૂ કરેલ છે જે અમદાવાદના શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ખાતે શ્રી પ્રવિણભાઈ ભગદેવ પાસે ઉપલબ્ધ છે.

- નરેન્દ્ર દાવડા
રાષ્ટ્રીય સંકલક, શ્રી રઘુકુળ વિશ્વ

# સરાહનીય.... અભિનંદન...



શ્રી લોહાણા મહાપરિષદના સહમંત્રી **યોગેશભાઈ પૂજારા** (રાજકોટ) મો. ૯૮૨૪૨૭૯૦૦૦ એ તા. ૧૬-૧૨-૨૦૧૫ ના રોજ પોતાનો જન્મદિવસ થેલેસેમિયા પીડીત બાળકોના લાભાર્થે રક્તદાન શિબિર તથા અન્ય સેવાકીય આયોજન કરીને ઉજવવા બદલ.



**ડો.રાજેશભાઈ કોટેચા**, જામનગર

એમ.ડી, આયુર્વેદ અને ગુજરાત આયુર્વેદ યુનિ. વાઇસ ચાન્સેલર મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત અને પ્રમાણભૂત આયુર્વેદના પ્રચાર-પ્રસાર માટે વિવિધ દેશોમાં ખ્યાતિ પામવા બદલ.



**કથન કૌશિક ઠક્કર**, અમદાવાદ

ચેસ ટૂર્નામિન્ટમાં બાળ શ્રેણીમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ.



**સાવન ધર્મેશભાઈ રાજા**, જામજોધપુર

મોનોએક્ટિંગ તથા તેને સંગત અનેક સ્પર્ધામાં વિજેતા બની શ્રી હાલાઇ લોહાણા બાળાશ્રમ કાંદિવલીનું ગૌરવ વધારવા બદલ.

---




ગત માસમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ગોંડલ તથા ખંભાળિયા નગરપાલિકામાં નીચે મુજબના રઘુવંશી ભાઈબહેનો વિજયી થયા છે જેમને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે. ગત અંકમાં આ સિવાયના રઘુવંશી વિજેતા ઉમેદવારોના નામ પ્રકાશિત કરવામાં આવ્યા હતા.




**રીનાબેન એમ. ભોજાણી**, ગોંડલ
પ્રમુખ (ગોંડલ નગરપાલિકા)



**ક્રિષ્નાબેન આર. તન્ના**, ગોંડલ



**જયેશભાઈ એમ. ગોકાણી**, ખંભાળિયા



**સુભાષભાઈ પોપટ**
ખંભાળીયા



**રમેશચંદ્ર એસ. રાયચુરા**
ખંભાળીયા



**નિર્મળાબેન વી. દત્તાણી**
ખંભાળીયા



**જૈમિનીબેન વાય. મોટાણી**
ખંભાળીયા

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2013-2015 valid upto 31st December-2015 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th january 2016




**AUTOBOTS, AHMEDABAD -** G3 & G4, Bhaskar House, Near YMCA Club, S.G. Highway, Makarba, Cell: 09377556600 • **AUTOBOTS, SURAT -** Near Sony Centre, Opp. Big Bazaar, Piplod Dumas Road, Piplod. Cell: 09825011874

*Features and specifications will vary with different models. Some features and accessories shown may be optional and not standard. Terms & conditions apply.

**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Himanshubhai Thakkar (Incharge)

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380015 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)